# મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા ટ્રાયબલ સબ પ્લાન યોજના અંતર્ગત ખેડૂત શિબિર તેમજ ફિલ્ડ વિઝીટ યોજાઈ

પંચમહાલ, દાહોદ તેમજ મહીસાગર જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈ પાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા તા.૧૬/૦૯/૨૦૨૨ ના રોજ ગામ:- તરવડી, તાલુકા :- ગોધરા, જીલ્લો:- પંચમહાલ ખાતે ટ્રાયબલ સબ પ્લાન યોજના અંતર્ગત ખેડૂત શિબિર તેમજ ફિલ્ડ વિઝીટ યોજવામાં આવી.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા તેમજ તેનો બહોળો પ્રચાર થાય એ ખુબ જ અગત્યનું હોઈ સદર ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું. સદર ખેડૂત-શિબિરમાં ૪૫ જેટલા ખેડૂત ભાઈઓ-બહેનોએ ભાગ લીધેલ હતો. આ ખેડૂત-શિબિરમાં અત્રેના કેન્દ્રના મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, ડૉ.પી.કે.પરમાર (પ્લાન્ટ બ્રિડર) એ મકાઈમા સીડ વિલેજ પ્રોગ્રામ અંગે તેમજ બીજ ઉત્પાદન કરીને કઈ રીતે સારી આવક મેળવી શકાય એની માહિતી આપી હતી.

શ્રી.કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા મકાઈની નફાકારક અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અંગેના ચાવીરૂપ મુદ્દાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી તેમજ નીંદામણ નિયંત્રણ કરવા પર ભાર મુકેલ હતો. ડૉ.એસ.એસ.વર્મા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કીટક શાસ્ત્રી) દ્વારા મકાઈ પાકમાં આવતી નવીન જીવાત લશ્કરી ઈયળની ઓળખ અને તેના સંકલિત નિયંત્રણ અંગે વિગતવાર ચર્ચા કરેલ હતી.

શ્રી.ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહત્વ તથા બાયોફર્ટીલાઈઝરનો ઉપયોગ કરી રાસાયણિક ખાતરનો વપરાશ ઓછો કરીને ખેતી ખર્ચ ઘટાડવા માટે તેમજ પ્રથમ હરોળના નિદર્શન વિષે વિસ્તૃતમાં માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું અને ખેતરની મુલાકાત કરવામા આવેલ હતી.



ગામ:- તરવડી, તાલુકા :- ગોધરા, જીલ્લો:- પંચમહાલ



મકાઈની નવીન જાત અંગેના નિદર્શન પ્લોટની મુલાકાત